**વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવતા કામોની ટેન્ડર પ્રક્રિયામાં ગુજરાત પી.ડબલ્યુ.ડી. મેન્યુઅલમાં દર્શાવેલ જોગવાઇ મુજબની કાર્યવાહી કરવા તકેદારી રાખવા બાબત**

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક અડટ/૧૦/૨૦૧૩/આઇબી-૧૭૯/૯-ક
નર્મદા જળ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૩/૮/૨૦૧૩

**સંદર્ભ** –સરકારશ્રીના તા.૧૦/૨/૦૯ ના પરિપત્ર ક્રમાંક –જી.ઇ.એન./૨૦૦૮/આઇબી.૨૩૫/૨૮/ક-૧

**<u>પરિપત્ર</u> –**

વિભાગ હેઠળની કાર્યપાલક ઇજનેરશ્રીઓની કચેરીઓ ધ્વારા અલગ અલગ કામો હાથ ધરવાની પ્રક્રિયા કરવામાં આવે છે. આ પ્રક્રિયાના ભાગરૂપે ઇ-ટેન્ડર નિવિદા માટે સમય-મર્યાદા કેટલી રાખવી તે માટે સંદર્ભ દર્શાવેલ પરિપત્રથી જળસંપત્તિ વિભાગના તમામ અધિકારીઓને સૂચના આપવામાં આવેલ છે. પરંતુ ઘણા કિસ્સામાં જોવા મળેલ છે કે ટેન્ડર નોટીસ બહાર પાડયા પછી તેમાં દર્શાવેલ દિવસે ટેન્ડર અપલોડ કરવાને બદલે ઘણા દિવસો બાદ ટેન્ડર અપલોડ કરવામાં આવે છે. પરંતુ ટેન્ડર પરત લેવાની તારીખમાં કોઇ ફેરફાર કરવામાં આવતો નથી. જેને લીધે ઇજારદારો માટે ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટેની તકો ઘટી જાય છે અને પરિણામે તંદુરસ્ત હરીફાઇ થઇ શકતી નથી. આવું ન બને તે માટે ટેન્ડરપેપર્સ વેબસાઇટ ઉપર અપલોડ કર્યા તારીખથી બીડ સબમીશન વચ્ચેનો સમયગાળો નિયત સમયગાળા કરતા ઓછો ન હોવો જોઇએ. અનિવાર્ય કારણોસર જો કોઇ કિસ્સામાં આવું કરવાનું જરૂરી જણાય તો તેમ કરતાં પુર્વે સક્ષમ સત્તાઅધિકારીની મંજુરી લેવી જોઇએ. અહીં સક્ષમ સત્તા અધિકારી એટલે જેમને ટેન્ડર સ્વીકારવાની સત્તા હોય તેનાથી એક તબક્કા ઉપરના અધિકારી રહેશે. આ પ્રમાણેની સુચનાઓ જે ટેન્ડર માટે ઇ-ટેન્ડરીંગ ન કરવાનું થતુ હોય તેવા ટેન્ડર માટે પણ લાગુ પડશે. પરંતુ આ કિસ્સામાંટેન્ડર અપલોડ કરવાની તારીખને બદલે વર્તમાંપત્રોમાં જાહેરાત પ્રકાશિત કરવાની તારીખ ગણવાની રહેશે.

(એમ. પી. રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,

૧. સચિવશ્રી (જ.સં) ના અંગત સચિવશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨. સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત સચિવશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ હેઠળના.

નકલ રવાના -

૧. સર્વે પ્રોજેકટ શાખા

૨. સીલેકટ ફાઇલ